હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ગુજરાતીનો ભલે ગમે તેવો ચાહક હો... પરંતુ તારી વાઇફને વાંદરી પાનુ આપજે એમ ન કહીશ.

પેથાપુરના વ્યાજખોરે રૂ.૨૦ હજારના વડીલ પાસેથી રૂ.૨.૨૭ લાખ પડાવ્યા

હજુ પણ રૂ.૨.૮૦ લાખની ઉઘરાણી બાકી, જાનથી મારી નાંખવાની ધમકી આપતા વ્યાજખોર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે રહેતા વડીલને હાથ ઉછીના રૂ.૨૦ હજાર લેવાનું મોંઘુ પડ્યું છે. માત્ર રૂ.૨૦ હજારની સામે ૨૦ ટકા વ્યાજ વસુલી રૂ.૨.૨૭ લાખ પડાવી લીધા છે. તેમ છતા વડીલ પાસે રૂ.૨.૮૦ લાખની બાકી ઉઘરાણી માટે અસામાજીક તત્વોને હવાલો આપવાનું કહી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવતા આખરે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૪ સહયોગ એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૬૪ વર્ષિય ભરતભાઈ નાનજીભાઈ મકવાણાને એપ્રિલ ૨૦૧૭માં સામાજીક કાર્ય માટે પૈસાની જરુર હોવાથી મિત્ર વર્તુળમાંથી હાથ ઉછીના રૂપીયા લાવી આપવાની વાત કરી હતી. તે દરમિયાન તેમના કૌંટુબીક ભાઈ મનુભાઈ ધનજીભાઈ મકવાણા (રહે લાડોલ) દ્વારા તેમના સાળા અરવિંદ ગોવિંદભાઈ પરમાર (રહે ત્રિકમ બાપાની વાડી મુળચંદ પાર્ક પેથાપુર) સાથે પરિચય થયો હતો. બે મહિના માટે અરવિંદ પાસેથી સામાજીક કામ અર્થે રૂ.૨૦ હજાર હાથ ઉછીના લીધા હતા. જેની અવેજીમાં અરવિંદે સિક્યુરીટી પેટે એક કોરો ચેક તેમજ કોરા સ્ટેમ્પ ઉપર સહીઓ કરાવી હતી. તેના એક માસ પછી અરવિંદે રૂ.૨૦ હજારનું ૨૦ ટકા વ્યાજ વસુલાત કરવાની કામગીરી હાથ ધરી હતી. ભરતભાઈએ હાથ ઉછીના રૂપીયા લીધા હોવાથી વ્યાજ આપવાની ના પાડતા અરવિંદ કોરા ચેકમાં મોટી રકમ ભરી બેંકમાં જમા કરાવવાની ધમકીઓ આપતો હતો.

જેથી ભરતભાઈ દર મહિને અરવિંદને રૂ.૪ હજાર વ્યાજ ચુકવતા હતા. કોઈ વખત વ્યાજ ચુકવી ન શકતા અરવિંદ ભરતભાઈ પાસે જઈને રૂ.૬ લાખ ભરી બેંકમાં ચેક ભરવાની ધમકી આપી પૈસાની વસુલી કરતો હતો.

ત્યારે ભરતભાઈ પાસેથી અત્યાર સુધીમાં અરવિંદે રૂ.૨૦ હજારની સામે રૂ.૨.૨૭ લાખ વસુલી લીધા હતા. હજુ પણ વ્યાજખોર અરવિંદે બાકી ઉઘરાણી રૂ.૨.૮૦ લાખ નીકાળી છે.

ત્યારે થોડા થોડા કરી પૈસા આપવાની વડીલે વાત કરી હતી. ત્યારે તમામ રૂપીયા એક સાથે ન આપો ત્યાં સુધી વ્યાજ આપવાની વાત કરતો હતો. કેટલાક અસામાજીક તત્વોને હવાલો આપીને જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો.

ભરતભાઈના મિત્રો સુરેશ પરમાર, કનુભાઈ પરમાર, અને શૈલેષ પરમારને પણ વ્યાજે રૂપીયા આપી હેરાન પરેશાન કરતા હોવાથી સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ખૂણેખાંચરેથી

- કર્ણાવતી યુનિ. અને યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ માં પર્યાવરણીય શાસન પર આંતર રાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી.
- વલસાડ-વડનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ગાંધીનગર અને વડનગર વચ્ચે ૨૬ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી આંશિક રીતે રદ્દ રહેશે.
- ગિફ્ટસીટીમાં ચોરીની ઘટનાથી ખળભળાટ મચી જવા પામ્યો છે; એક્ઝીબીશન જોવા ગયા ત્યારે તસ્કર ગાડીમાં મુકેલ રોકડ ભરેલી બે બેગ ચોરી ફરાર થયો.
- ભીડનો લાભ લઈ બસમાં ચઢતા બોરીસણા ગામના યુવકનો મોબાઈલ ચોરાયો.
- દહેગામના દેવકરણના મુવાડા ગામે પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમને ઝડપી લીધા.
- કલોલના નારદીપુર ગામે વધુ એક સાયલેન્સર ચોરીની ઘટના નોંધાઈ.
- દહેગામમાં રખડતા ઢોરના હુમલા યથાવત્; હુમલાથી એક બાળક સહિત બે ઘાયલ થયાનું સામે આવ્યુ છે.
- દહેગામના સાણોદામાં ખેત મજૂરોને લઈ ધીંગાણાની ઘટના પોલીસમાં નોંધાઈ છે.
- કલોલના વડનગરપુરા ગામે નવ શખ્સોએ એક યુવક પર હુમલો કર્યાની ઘટના નોંધાઈ છે.
- ગાંધીનગર બાદ હવે દહેગામ ન.પા.માં પણ ડોર ટુ ડોર કલેક્શનની સેવા વિવાદમાં સપડાઈ.
- કલોલમાં ટ્યુશન ગયેલા યુવકનું આંખના પલકારે ગઠિયો બાઈક ચોરી કરી છુમંતર થયાની ઘટનાએ શહેરમાં ચકચાર મચાવી છે.
- છત્રાલ ગામેથી રિક્ષામાં બેસેલ દંપત્તિના દાગીના ચોરી ગઠિયો પલાયન થયાની ફરિયાદ નોંધાઈ છે.
- છત્રાલમાં ૬ શખ્સોએ એક યુવાનને માર માર્યાની ઘટના નોંધાઈ છે.
- દહેગામ તાલુકા બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા નીલકંઠ મહાદેવના મંદિરે પાંચમો સમૂહ લગ્નોત્સવ ઉજવાયો.
- દહેગામની સાંદીપની સંસ્થામાં શિક્ષણ અને કળાનો અનોખો સમન્વય: થનગનાટ કાર્યક્રમ અંતર્ગત ૭૩૦ બાળકોએ અલગ-અલગ ઈવેન્ટમાં કળાના ઓજસ પાથર્યા.
- ગાંધીનગર મનપા દ્વારા ગત વર્ષની તુલનામાં ૧૩ કરોડ જેટલો મિલ્કતવેરો વધુ વસુલવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર સ્થાનો પર પાર્કિંગની સમસ્યા વિકરાળ બની ઉભરી આવી છે.
- ગાંધીનગર શહેરમાં પેયજળના પુરવઠાને લઈ ફરિયાદો વધવા પામી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

સિવિલમાં ઓર્થોપેડીક અને સર્જરી વિભાગ વચ્ચે ખો આપતા દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલમાં તાત્કાલીક વિભાગમાં ગંભીર ઈજાગ્રસ્ત દર્દીઓ સારવાર માટે આવતા હોય છે.ત્યારે પ્રાથમિક સારવાર બાદ મેડીકલ ઓફિસર દ્વારા જે તે વિભાગને દર્દી અંગે જાણ કરવામાં આવે છે. ત્યારે આ દર્દી સર્જરી વિભાગમાં આવશે અને સર્જરી વિભાગના ડોકટર દ્વારા ઓર્થોપેડીક વિભાગમાં જશે. ત્યારે દર્દથી કણશી રહેલો દર્દી આખરે કયાં જાય તે પ્રશ્ન મહત્વનો હોવાથી સૌ દર્દીઓને સતાવી રહ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયની પાટનગરની હોસ્પિટલમાં દર્દીઓ માટે આરોગ્યલક્ષી સુવિધાઓ વધતી જાય છે. પરંતુ તેની સામે સમસ્યાઓ પણ ખુબ મોટા પ્રમાણમાં વધતી જાય છે.ગાંધીનગર સિવિલમાં તાત્કાલીક વિભાગમાં પગે ગંભીર ઈજા પહોંચતા દર્દી સારવાર માટે આવ્યો હતો. જેથી પ્રાથમિક સારવાર બાદ મેડીકલ ઓફિસર દ્વારા જે તે વિભાગને જાણ કરવામાં આવે છે. પરંતુ જે તે વિભાગના ડોકટર ફોટો મંગાવી કામ ચલાવે છે અને તે જોઈને નિર્ણય લેતા હોય છે. પરંતુ દર્દથી કણસી રહેલા દર્દી ને સર્જરી વિભાગ અને ઓર્થોપેડીક વિભાગ દ્વારા ખો આપવામાં આવતા કલાકો સુધી રઝળપાટ કરવી પડી હતી. ત્યારે આ પ્રકારની આપવીતી કેટલાક દર્દીઓ સાથે પણ બને છે.ત્યારબાદ યોગ્ય નિદાન ન થતા દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવે છે. જયારે અમદાવાદ સિવિલના હાજર ડોકટર દ્વારા આ સામાન્ય સારવાર કે ઓપરેશન તો ગાંધીનગર પણ થઈ શકે છે તેવા જવાબ સાંભળવા મળે છે. ત્યારે હોસ્પિટલમાં રાઉન્ડના નામે રોજ આંટાફેરા મારતા સિવિલના સત્તાધિશોને તાત્કાલીક વિભાગમાં પણ નજર નાંખી દર્દીઓને યોગ્ય સારવાર મળે છે કેમ તે જોવુ રહ્યું.

ગાંધીનગરમાં જાહેર શૌચાલય બાબતે અવાર નવાર વિવિધ પ્રશ્ન ઉઠી રહ્યા છે. તાજેતરમાં સેક્ટર ૮ ખાતે આવેલ જાહેર શૌચાલય માં પેવર બ્લોક ટુટી ગયેલ હોવાની ફરિયાદ ઉઠી રહી છે.જાહેર શૌચાલયની આસપાસ નાખેલ બ્લોક તૂટી ગયેલ હોવાથી રાત્રી દરમિયાન આવતા લોકો માટે જોખમી સાબિત થઈ રહ્યા છે.

સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે ગેરેજમાંથી બે બાળ મજુર મળી આવ્યા

પોલીસે ગેરેજ માલિક સામે ગુનો નોંધી બે કિશોરને આશ્રયગૃહ મોકલી આપ્યા

ગાંધીનગર, તા.૨૬

શહેરની સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે ઉમીયા ઓટો ગેરેજના માલિક દ્વારા બાળકોની ઉમર ઓછી હોવાનું જાણવા છતા નજીવા વેતને મજુરી કરાવતા એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટની ટીમ ત્રાટકી હતી. બે બાળ કિશોરને છોડાવીને આશ્રય ગૃહ મોકલી આપવામાં આવ્યા હતા. પોલીસે ગેરેજ માલિકની ધરપકડ કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં હવે બાળ મજુરી કરાવનાર સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ગાંધીનગરમાં એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટની ટીમ પેટ્રોલીંગમાં હોય છે. હોટલ, રેસ્ટોરન્ટ, દુકાનો, ઓફિસ, ખાણીપીણીની લારીઓ સહિતના સ્થળો પર બાળ મજુર દેખાશે ત્યાં ટીમ ત્રાટકી કાયદેસરની કાર્યવાહી કરશે. તાજેતરમાં ગાંધીનગર વિસ્તારમાં ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે તેઓને બાતમી મળી હતી કે સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે ઉમીયા ઓટો ગેરેજ ખાતે બાળ મજુરને રાખી મજુરી કામ કરાવવામાં આવે છે. જેથી પોલીસ ગેરેજ પર ત્રાટકતા મજુરી કામ કરતા બે બાળમજુર મળી આવ્યા હતા. એક બાળકિશોરની પુછપરછ કરતા તેને રૂ.૬૦૦૦ વેતન આપતા હોવાની વાત કરી હતી.જયારે બીજાને માત્ર રૂ.૨૫૦૦ વેતન આપવાની વાત કરી હતી.બંન્ને બાળ કિશોર ધોરણ-૧૦માં નાપાસ થયા છે અને પરિક્ષાન ફોર્મ પણ ભર્યા છે. જયારે તેમના માતાપિતા પણ મજુરી કામ કરે છે. જયારે રમેશભાઈ ગોવિંદભાઈ પટેલ બંને કિશોરને કામ માટે ગેરેજ પર લાવ્યા હતા. પોલીસે બંન્ને બાળ કિશોરને સેકટર-૧૭ આશ્રયગૃહ મોકલી આપ્યા હતા. જયારે પોલીસે ગુનો નોંધી રમેશ પટેલ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગીફ્ટસીટી ક્લબની સામેનો બનાવ

કેડાઈ એક્ઝિબેશનના પાર્કિંગમાં કારનો કાચ તોડી રૂ.૬.૬૦ લાખની ચોરી

ચોર શખ્સો લેપટોપ સાઈઝની લેધરની બે બેગ લઈ ફરાર

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ગીફટસીટી કલબની સામે કેડાઈ એક્ઝિબેશનના પાર્કિંગમાંથી ગતરોજ બપોરના સુમારે કેટા ગાડીનો ડાબી બાજુના પાછળના દરવાજાનો કાચ તોડી ચોર શખ્સોએ લેપટોપની લેધરની બે બેગમાં મળી કુલ રૂ.૬.૬૦ લાખની ચોરી થવા પામી છે. ગીફટસીટીમાં સલામતી અને સીસીટીવી કેમેરા હોવા છતા ચોર શખ્સો બિન્દાસ્ત ચોરી કરીને પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી છે.

ત્યારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ વસ્ત્રાપુર ખાતે રહેતા મેહુલ મહેશભાઈ સુર્યવંશી પરિવાર સાથે રહે છે.જયારે તેઓ ઓઢવ સિંગરવા ખાતે પ્લોટ નં.૫૩૯ માં ગ્લોબલ આર. એમ. સી. નામની ફર્મ ધરાવે છે. અને કોકીટ સપ્લાયનો વેપાર કરે છે. ગઈકાલે બપોરના સુમારે મેહુલભાઈ તેમના મેનેજર સાથે કોબા આર્યન બંગ્લોઝ ખાતે રહેતા મિત્ર ધ્રુવરાજસિંહ જાડેજાના ઘરે ગયા હતા.

ત્યારબાદ ગીફટસીટી ખાતે કેડાઈ એક્ઝિબેશન બિલ્ડર એસોશિએશન દ્વારા રાખવામાં આવેલ હોવાથી તેમાં ભાગ લેવા માટે ધ્રુવરાજસિંહની કેટા ગાડી લઈ ગયા હતા.ગીફટસીટી ખાતે કલબ હાઉસની બાજુમાં એક્ઝિબેશન છે. ત્યાં સામેના ભાગે પાર્કિંગમાં ગાડી નં. જી.જે.૩૮.બી.ઈ.-૩૨૩૨ પાર્ક કરી હતી. ત્યારબાદ ત્રણેય જણા એક્ઝિબેશન જોવા માટે ગયા હતા. ત્યાંથી ચાર વાગ્યાના અરસામાં ગાડી પાસે પહોંચતા ધ્રુવરાજસિંહની ગાડીની આસપાસ સિક્યુરીટી ગાર્ડ અને ૮ થી૧૦ વ્યકિતઓ ઉભા હતા.જયારે ગાડીનો ડાબી બાજુનો કાચ તુટેલો હતો. જયારે ગાડીની પાછળની સીટમાં મેનેજર દ્વારા મુકવામાં આવેલી લેપટોપ સાઈઝની લેધરની બેગ જોવા મળી ન હતી. જેમાં મેહુલ સુર્યવંશીની બેગમાંથી રોકડ રૂ.૪.૧૦ લાખ અને મેનેજરની બેગમાંથી રોકડા રૂ.૨.૫૦ લાખ મળી કુલ રૂ.૬.૬૦ લાખની ચોરી થવા પામી છે. જયારે જરુરી કાગળો અને અન્ય ડાયરી પણ હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભાટ ટોલટેક્ષ પાસે ડોકટરને બે શખ્સોએ માર મારી ધમકી આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના ભાટ ટોલટેક્ષ પાસેથી પસાર થઈ રહેલી કરણી સેનાની રેલીના બે અજાણ્યા શખ્સોએ સામાન્ય બાબતે શહેરના ડોકટર અને તેમની પત્ની સાથે અશોભનીય ભાષામાં વાત કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી જવાના મુદ્દે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ખાતે રહેતા અને કલોલની હોમીયોપેથીક હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો.મલય જોશી ગતરોજ બપોરના સુમારે તેમની પત્ની સાથે ગાડી લઈ રીંગ રોડ પર થી પસાર થઈ રહ્યા હતા. તે સમયે ગાડી અચાનક ટ્રક સાથે સામાન્ય ટકરાઈ હતી. જેથી તેઓ ટ્રક ચાલક સાથે આ મુદ્દે વાતચીત કરી રહ્યા હતા. આ સમય દરમિયાન ત્યાંથી કરણીસેનાની રેલી નીકળી હતી.આ રેલીમાં ઘણા બધા વ્યકિતઓ જોડાયા હતા.

તે સમયે રેલીમાંથી બે અજાણ્યા શખ્સો કાર લઈ તેમની પાસે આવ્યા હતા. કરણી સેનાની રેલી હોવાથી રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. તે સમયે બંને શખ્સોએ ડોકટરને કરણી સેનાના સભ્યોની ઓળખ આપી તમે લોકો અહી કેમ ઉભા રહ્યા છો.જેથી સામાન્ય અકસ્માત થયો હોવાથી ઉભા હોવાની વાત કરતા બંને શખ્સો ટ્રક ડ્રાઈવર સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. તે સમયે ડોકટરે કહ્યું કે આ બનાવમાં મારો કે ટ્રક ડ્રાઈવરનો વાંક નથી. જેથી તમે તમારી રેલીમાં જતા રહો તેમ કહેતા આ બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. તેઓ અશોભનીય વર્તન કરી ડોકટરને ફેંટ મારવા લાગ્યા હતા. ડોકટરને બચાવવા તેમની પત્ની વચ્ચે પડતા તેણીને પણ ગમે તેમ બોલતા હતા. તેઓને અપશબ્દો બોલવાની ના પાડતા બંને શખ્સો આજે તો તુ બચી ગયો છે ફરીવાર મળીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ગાડીમાં બેસી જતા રહ્યા હતા. આ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શ્રી નીલકંઠ ભજન મંડળ" દ્વારા તારીખ ૨૫મી ના રોજ ટી.પી -૦૯ સરગાસણ આયોજિત દક્ષિણ ભારત યાત્રા બસનુ વિધિવત પ્રસ્થાન હડમતિયા મહાદેવના પટાગણથી પ્રસિધ્ધ વેદમંત્રો વચ્ચે મહંત ઈન્દ્રવદનભાઈ દ્વારા કરાવવામા આવ્યુ હતુ. "શ્રી આનંદ ગરબા ગાથા" સપ્તાહની ભવ્ય સફળતા બાદ ફરી એકવાર નીલકંઠ ભજન મંડળના પ્રમુખ વર્ષાબેન શુક્લ આયોજિત પંદર દિવસના આ યાત્રા પ્રવાસનુ શુભ પ્રસ્થાન સમયે મંદિરના મહંત મહેન્દ્રગિરિ ગૌસ્વામી, કોર્પોરેટર ગૌરંગભાઈ વ્યાસ, સરગાસણ બ્રહ્મસમાજના પ્રમુખ પ્રવિણભાઈ રાવલ તથા વિશાળ સંખ્યામા યાત્રિકોના સ્વજનો હાજર રહ્યા હતા.

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ

ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનનો 'રજત જયંતિ' મહોત્સવ યોજાયો

ગાંધીનગર,તા.૨૬

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનનો 'રજત જયંતિ' મહોત્સવ અને સ્થાપક ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ અમીનનો 'અમૃત મહોત્સવ' આજરોજ અન્નપૂર્ણાધામ, અડાલજ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમ સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે સહકાર મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ રાજયભરમાંથી આવેલા વિવિધ ક્રેડિટ સોસાયટીઓના પ્રતિનિધિઓ પાસેથી આ ક્ષેત્રમાં સુચારુ કામગીરી કરવા માટે શું શું તકલીફો પડે છે, તેની માહિતી તેમના સ્વમુખે મેળવી હતી. મંત્રીશ્રીએ સર્વે સોસાયટીના પ્રતિનિધિશ્રીઓને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપની કોઈપણ સમસ્યા કે સહકાર ક્ષેત્રના વિકાસ માટે કોઈ ઉમદા વિચાર હોય તો તે બાબતે અવશ્ય અમારી સરકારનું ધ્યાન દોરવું. જેથી કરી આપણે એક ઉમદા સહકારી ક્ષેત્રનું નિર્માણ કરી શકીએ. તેમણે ઉમેર્યું હતું કે, સહકારી ક્ષેત્રને કઈ દિશામાં લઈ જવાનું છે, તે આપણે સૌએ સાથે મળીને નક્કી કરવાનું છે.એ દિશામાં સહકાર ક્ષેત્રનો વિકાસ કરવાનો છે. હજુ પણ વધુને વધુ સહકારી ક્રેડિટ સોસાયટીઓ અને મંડળીઓની રચના થાય તેવું ઉમદા વાતાવરણ ઉભું કરવાનું છે. સહકારીતા એક એવો મજબૂત પાયો છે કે, જે ગ્રામ્ય વિસ્તારના વિકાસમાં ખૂબ મહત્વની ભૂમિકા અદા કરે છે. સહકારી મંડળીઓ થકી જ આજે ગ્રામ્ય વિસ્તારના નાના-મોટા ધંધા રોજગાર કરતા અને મજૂર વર્ગ વ્યાજખોરોના ચુંગલમાંથી બચી શક્યા છે. ગુજરાત સહકારી ક્ષેત્રે દેશભરમાં નંબર વન છે, એનો આનંદ વ્યકત કરી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજે રાજયમાં ૬૨૦૦ જેટલી મંડળીઓ કાર્યરત છે. જેના ૪૮ લાખ જેટલા સભાસદો છે. રૂપિયા ૧ હજાર કરોડથી પણ વધુની ડિપોઝિટ છે.

દહેગામના ગલેવામાં ૨૮૬ વર્ષ બાદ પહેલી સરકારી નોકરી

રાકેશસિંહ નામના યુવકને સરકારી નોકરી મળતા આખુ ગામ વિદાય આપવા ઉમટ્યુ

ગાંધીનગર, તા. ૨૬

દહેગામ તાલુકાના નાનકડા ગલેવા ગામમાં ઘણા વર્ષો બાદ એક યુવક સરકારી નોકરી મેળવતા ગામમાં હર્ષોલ્લાસની લાગણી છવાઈ ગઈ છે. ગામમાં ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. ગામનો પ્રથમ યુવક સરકારી નોકરીમાં લાગ્યો તેની ખુશીમાં આખુ ગામ જોડાયુ હતુ અને ખુબ ઉત્સાહથી યુવકને નોકરી જવા વિદાય આપી હતી. ભારત સરકાર દ્વારા દેશની સેવા માટે નવયુવાનોને આર્મીમાં સ્થાન આપવા માટે અગ્નિવીર તરીકે ભરતી શરૂ કરવામાં આવી હતી. જેમાં દેશના ખૂણે ખૂણેથી યુવકો આર્મીમાં જોડાવા માટે થનગની રહ્યા હતા. આવો જ એક યુવક દહેગામ તાલુકાના નાનકડા ગલેવા ગામમાંથી અગ્નિવીર તરીકે આર્મીમાં જોડાવા માટે આજે ઘરેથી નીકળ્યો હતો. પુત્રએ દેશ સેવાનો નિર્ણય કરતા પરિવાર તેમજ ગ્રામજનોમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે. ગામમાંથી પ્રથમ યુવક સરકારી નોકરીમાં લાગ્યો છે જેના કારણે આ યુવકને વિદાય આપવા આખું ગામ ઉમટ્યુ હતુ. તા. ૨૫-૨-૨ ના રોજ રાકેશસિંહ આર્મીની ટ્રેનિંગ માટે મધ્યપ્રદેશના જબલપુર જવા માટે રવાના થયા હતા. આ સમયે પરિવારજનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પુત્રને તિલક કરી, તેની આરતી ઉતારી, ફુલહાર પહેરાવીને તેના નિર્ણયને સહર્ષ વધાવીને દેશ સેવા માટે પરિવારજનોએ વિદાય આપી હતી. યુવકના પરિવારજનોએ ગર્વની લાગણી અનુભવી હતી.

૨૮૬ વર્ષમાં ગામમાં પહેલી સરકારી નોકરી

દહેગામમાં આવેલ આ નાનકડુ ગામ જેમાં માત્ર ૫૦૦ થી ૭૦૦ જેટલી વસ્તી રહે છે. ગલેવા ગામમાં છેલ્લા ૨૮૬ વર્ષમાં કોઈને પણ સરકારી નોકરી મળી જ નથી ત્યારે આટલા વર્ષો બાદ પહેલીવાર રાકેશસિંહને સરકારી નોકરી મળતા ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.